‘સન્ડે ઈ.મહેફીલ’ના વહાલા વાચકો,

દીવસે દીવસે નવી ‘સ.મ.’ મુકાયાની જાણ કરવાનું અને તે સાથે તેની પીડીએફ અટૅચ કરીને સૌને મોકલવાનું કામ, અમારે માટે હવે દુષ્કર બનતું જાય છે. ઘણા બધાને આ મેલ ‘સ્પામ’ ફોલ્ડરમાં જાય છે–ને તે વળી, ન ખોલવાની સુચના સાથે! આમ, અમારી સૌની પાંચ–છ દીવસની મહેનત પાણીમાં જાય છે..

‘સ.મ.’ના સમ્પાદકમંડળે આ બાબતે પુરો વીચાર કરી તેના ઉકેલ માટે, ફેસબુકનો આશરો લેવા નક્કી કર્યું. તે મુજબ અમે ‘સન્ડે ઈ.મહેફીલ’નું આ

**https://www.facebook.com/sundayemehfil.uttamgajjar**

નામે નવું પાન બનાવી તેની ઉપર દર પંદર દીવસે ‘સ.મ.’ મુકવાનું નક્કી કર્યું. છેલ્લી ત્રણ ‘સ.મ.’ ત્યાં મુકી પણ છે.

સૌ વાચકોને વીનંતી કે આ પાનની મુલાકાત લઈ અમને ‘ફ્રેન્ડ્સ રીક્વેસ્ટ’ મોકલજો અને અમારી સાથે જોડાજો. આજે 600 જેટલા વાચકમીત્રો તો બન્યા છે.

આપ સૌના અનુભવો અને સુચનો જાણવા અમે આતુર રહીશું.

સમ્પાદકો : ‘સન્ડે ઈ.મહેફીલ’ 2019-07-31

●

અને હવે વાંચો શ્રમીકોની નીખાલસતા અને પ્રામાણીકતા દર્શાવતી વાર્તા :

# ચકરાવો

## –મનહર જે. વૈષ્ણવ

રમાબહેન દીવાળી બાદ પોતાનો કબાટ વ્યવસ્થીત ગોઠવતાં હતાં, ત્યારે તેમણે જોયું કે એમનો એક પારાવાળો અછોડો(ચેઈન) મળતો ન હતો. આખો કબાટ, કપડાં, અન્ય દાગીનાનાં બૉક્સ, ખોટાં ઈમીટેશનનાં બૉક્સ ફેંદ્યાં; પણ ક્યાંય અછોડો મળ્યો નહીં. રમણભાઈ બહારથી

આવ્યા અને બેડરુમમાં રમાબહેનનું રમખાણ જોયું ને આશ્ચર્યથી પુછ્યું, 'શું થયું, રમા? કેમ આમ બધું વેરણછેરણ પડયું છે? ચોરે કરવા જેવું કામ તેં કેમ કર્યું?'

'તમને મશ્કરી સુઝે છે; પણ મારો અછોડો મળતો નથી. તેની બેચેની નથી દેખાતી?'

'પણ મને શી ખબર કે તારો અછોડો નથી મળતો? બરાબર જો. તારી ટેવ મુજબ ઓશીકા નીચે કે કીચનમાં ભુલમાં મુકાઈ ગયો હોય.'

'બધે જોઈ લીધું. નક્કી કોઈના હાથમાં આવી ગયો હશે.' તેનો ઈશારો કોની તરફ હતો તે મેં જાણી લીધું. કામવાળી બાઈ અને અમારો ડ્રાઈવર – એ બે સીવાય અન્ય તો 'કોઈ' હતું જ નહીં!

રમણભાઈએ કોર્ટની જેમ મુદત પાડી કહ્યું, 'ચાલ, અત્યારે સ્વસ્થ થા. ઓચીન્તો બેચાર દીવસમાં મળી જશે.'

આ વાતને એક માસ વીતી ગયો. ચેઈનનો અફસોસ પણ, સ્વજનની વીદાય પછીના વીતી જાતા સમયની જેમ ભુલાતો ગયો.

એક દીવસ શીયાળાની ઠંડીમાં, અમારો ડ્રાઈવર સવારમાં કોટ પહેરીને આવ્યો. કોટ જોતાં જ મને નવાઈ લાગી. આ તો મારો જ કોટ! દીવાળી પહેલાં ઘરની સાફસુફી બાદ, જે નકામી ચીજ–વસ્તુઓ દુર કરીએ, તેમ થોડાં જુનાં કપડાં, –જેમાં આ કોટ પણ હતો – તે, જુનાં કપડાંના બદલામાં વાસણ આપી જતા ફેરીયાને આપી દીધેલો. મેં ડ્રાઈવરને પુછ્યું, 'આ કોટ ક્યાંથી લીધો? સરસ છે.'

'સાહેબ, આ શીયાળે કંઈક ગરમ કપડાં લેવામાં કોટનો વીચાર હતો. નવો તો પોસાય નહીં; એટલે ગુજરીમાં તપાસ કરતાં એક જગ્યાએ મળી ગયો. મને બરાબર ફીટ બેઠો, એટલે ખરીદી લીધો. હજુ બે જ દીવસ થયા. કેવો છે? બરાબર છે ને?'

'હા... હા... બરાબર છે. મારે પણ આવો જ કોટ હતો.' 'તને મફતમાં આપવાનો જીવ ન ચાલ્યો' તે શબ્દો રમણભાઈએ મનમાં રાખ્યા અને કહ્યું, 'એમ કર, ગુજરીમાંથી લીધો છે તો એને એક વાર ડ્રાઈક્લીન કરાવી લે, એટલે નવો નકોર લાગશે.'

'હા સાહેબ, એ વાત સાચી.'

આ વાતને પણ આઠેક દીવસ વીતી ગયા અને ડ્રાઈવર એક દીવસ ઓચીન્તો કસમયે ટપકી પડ્યો.

'સાહેબ, આપે કહ્યું તેમ પેલો કોટ ડ્રાઈક્લીન કરવા આપ્યો હતો તે આજે લેવા ગયો. તો ડ્રાઈક્લીનરે શું કહ્યું ખબર છે? મને કહે, 'ભાઈ, કપડાં આપો ત્યારે બધાં ખીસ્સાં બરાબર તપાસી લેવાનું રાખો. તમારા કોટના અંદરના ખીસ્સામાંથી એક અછોડો(ચેઈન) નીકળ્યો. અમારો તો ધંધો જ પ્રામાણીકતા ઉપર નભે, એટલે કોઈની ચીજ મળે, તે ગમે તેટલી કીમતી હોય તો પણ; અમારાથી રાખી ન લેવાય. એમણે મને કોટ અને અછોડો બન્ને આપ્યા. મને તો દીવાળી અને ગુજરી બન્ને ફળી હોં!'

રમણભાઈ અવાક્ રહી ગયા. પોતાનો કોટ અને તેના ખીસ્સામાંથી નીકળેલો અછોડો! દોડતા કીચનમાં જઈ રમાબહેનને કહ્યું, 'રમા, અછોડો મળી ગયો અને નથી પણ મળ્યો.'

આ દ્વીઅર્થી સંવાદથી રમાબહેન અકળાયાં, 'શું તમે પણ ગાંડા કાઢો છો! હું તો ભુલી ગઈ; પણ તમે હજુ અછોડો ભુલ્યા લાગતા નથી.'

'અરે, સાંભળ તો ખરી! શ્રાવણી મેળામાં આપણે ગયેલાં ત્યારે આ અછોડો તેં પહેરેલો બરાબર? મેળામાં અછોડાતોડ (ચેઈનપુલીંગ) બહુ થાય, એટલે તેં કાઢીને મને સાચવવા આપેલો. મેં અછોડો સાચવીને કોટના અંદરના ખીસ્સામાં મુકેલો. હવે ઘરે આવી મેળામાં કરેલા આનન્દમાં, આ વાત ભુલાઈ ગઈ. મેં કોટ કાઢી કબાટમાં મુકી દીધો. ત્યાર બાદ દીવાળીની સફાઈમાં, જુનાં કપડાં સાથે આ કોટ પણ તેં ફેરીયાને આપી દીધો. ફેરીયા આવાં કપડાં સસ્તા ભાવે ગુજરીમાં વેચી નાખે. આ કોટ પણ વેચાયો. ગુજરીવાળા આવાં સારાં કપડાં વ્યવસ્થીત ગડી કરી, સંકેલી ગુજરીબજારમાં વેચવા બેઠા હોય. તેમાં આપણા ડ્રાઈવર મોહનને આ કોટ ગમી ગયો અને ખરીદી લીધો. મારી સલાહ મુજબ તેણે તેને ડ્રાઈક્લીનીંગ માટે આપ્યો. અને અછોડાનો ચકરાવો લોન્ડ્રીવાળાને ત્યાં પુરો થયો. હવે મોહન પાસેથી તે કેમ માંગવો તે પ્રશ્ન છે. તે તો રાજી રાજી થઈ ગયો છે! એટલે કંઈક ઉપાય શોધ.'

બે'ક દીવસ બાદ રમાએ ડ્રાઈવરને દીવાળીની શુભેચ્છા પેટે, મીઠાઈનું એક બૉક્સ આપ્યું અને કહ્યું, 'મોહનભાઈ, અરે વાહ ! તમારો કોટ તો બહુ સરસ છે. અસલ તમારા સાહેબ જેવો જ. પણ શું વાત કરું, મોહનભાઈ, છેલ્લે શ્રાવણી મેળામાં પહેરેલો અને તેમાં મારો અછોડો એમણે સાચવીને મુકેલો. પછી એ કોટ, દીવાળીમાં વાસણના ફેરીયાને આપી દીધો. હવે ન જાણે એ ફેરીયાએ તે કોટનું શું કર્યું હશે! તેને અંદરથી અછોડો મળ્યો હશે કે કેમ; પણ જેનાં જેવાં નસીબ!

બીજે દીવસે મોહને રમાબહેન પાસે આવી પેલો અછોડો બતાવ્યો અને કહે, 'બા જુઓ, આ અછોડો મને કોટમાંથી મળ્યો. હવે આ કોટ જો સાહેબનો જ હોય તો અછોડો પણ તમારો જ હોય. જરા જોઈ જુઓ તો!' અછોડો જોતાં જ રમાબહેન રાજી થઈ ગયાં ને કહ્યું, 'અરે મોહનભાઈ, આ જ મારો અછોડો છે.' પછી થોડાં અચકાઈ ગયાં અને કહ્યું, 'પણ હવે તો એ તમને મળ્યો એટલે તમારો જ ગણાય ને?'

'અરે બા, આ કંઈ વાત છે! મને મળ્યો એટલે? મને તો પેલા લોન્ડ્રીવાળાએ પરત કર્યો. હું શું તેના કરતાં ઉતરતી કક્ષાનો છું? બા, ખરેખર અછોડો તમારો જ છે તે તો, આ અછોડાએ લીધેલો **'ચકરાવો'** બતાવે છે કે, કેટલી જગ્યાએ ફરીને એ પાછો તમારી પાસે આવ્યો!'

રમાબહેન ખુશ થઈ ગયાં. રમણભાઈ પણ ખુશ થઈ એટલું જ બોલ્યા, 'રમા, એક અછોડાના આ **'ચકરાવા'**માં, **'શ્રમીક'** ગણાતી કેટકેટલી વ્યક્તીની નીર્દોષતા અને કેટકેટલી વ્યક્તીની પ્રામાણીકતા ભરેલી છે! ખરેખર, અછોડો શુકનીયાળ જ છે.'

–મનહર વૈષ્ણવ

માર્ચ, 2017ના **'અખંડ આનન્દ'**નાં પાન : 37-38 ઉપરથી લેખકશ્રીની અનુમતીથી સાભાર..

'અખંડ આનન્દ'ના જુના અંકો મેળવી આપવા બદલ કામરેજના 'ડૉ. બળદેવ ભક્ત'નો ખુબ આભાર.. ..ઉ.મ..

**સર્જકસમ્પર્ક :**

**શ્રી. મનહર જે. વૈષ્ણવ**, મનન ઈન્કમટેક્સ સોસાયટી, એરોડ્રામ પાસે, રાજકોટ–360007 Mobile : 98252 80147 eMail : manhar.vaishnav@gmail.com

♦●♦

@@@@@

Have you ever visited : http://www.gujaratilexicon.com ?

More than 3,65,10,000 Gujarati Language lovers have visited

http://www.gujaratilexicon.com

More than 1,33,51,000 have visited Digital Bhagwadgomandal

http://www.bhagwadgomandal.com

More than 10,89,000 have visited Lokkosh

http://lokkosh.gujaratilexicon.com

More than 13,15,000 have visited Global-Gujaratilexicon

http://global.gujaratilexicon.com

@@@

**'SeM' is now on Facebook. Please follow us on:**

**https://www.facebook.com/sundayemehfil.uttamgajjar**

@@@@@@@@@